HIV પીડિત બહેનો અને માનસિક વિકલાંગ બહેનો માટેના ગૃહો માટે મંજૂર જગ્યાઓની આઉટસોર્સીંગ સેવાઓની મુદ્દત વધારવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક:WCDD/AWR/e-file/23/2022/1826/A

સચિવાલય, ગાંધીનગર.

તા. ઈ-સાઈન મુજબ

<u>વંચાણે લીધા :</u>

(૧) વિભાગનો તા.૧૮.૧૧.૨૦૧૬નો હુકમ ક્રમાંક: મહય/૧૦૨૦૧૫/૨૩૫૪/અ

(૨) વિભાગનો તા.૦૨.૦૩.૨૦૨૬ નો સમાનાંકી ઠરાવ

(૩) નિયામકશ્રી (મહિલા કલ્યાણ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૦૬.૦૭.૨૦૨૬નો પત્ર ક્રમાંક:WCDWW/NGE/e-file/260/2022/1498/MKS

<u>આમુખ :</u>

વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામે દર્શાવેલ ઠરાવથી રાજ્યમાં ચાલતા કુલ ૧૦ નારી સંરક્ષણ ગૃહો પૈકી નારી સંરક્ષણ ગૃહ, ઓઢવ અમદાવાદને HIV ગ્રસ્ત બહેનો અને વિકલાંગ બહેનોને રાખવા માટે હુકમ કરવામાં આવેલ હતો. વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામે દર્શાવેલ ઠરાવથી HIV પીડિત બહેનો અને માનસિક વિકલાંગ બહેનો માટે બે અલગ ગૃહો માટે કુલ ૦૭ જગ્યાઓની આઉટસોર્સની સેવાઓ તા.૩૧.૦૭.૨૦૨૬ સુધી માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની મંજૂરી મળેલ હતી. આ જગ્યાઓની આઉટસોર્સીંગ સેવાઓની મુદ્દત પુર્ણ થતાં વધુ ૧૧ માસ માટે મેળવવાની મંજૂરી માટે વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામે દર્શાવેલ પત્રથી નિયામકશ્રી(મહિલા કલ્યાણ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ :</u>

૧. HIV પીડિત બહેનો અને માનસિક વિકલાંગ બહેનો માટે બે અલગ ગૃહ માટે મંજૂર જગ્યા**૨-રસોઇયા ,૩-આયા,૧-પટાવાળા અને ૧-સ્વીપર એમ કુલ ૦૭ જગ્યાઓની** આઉટસોર્સીંગ સેવાઓની મુદ્દત તા.૩૧.૦૭.૨૦૨૬ના રોજ પૂર્ણ થતાં, તા.૦૧.૦૮.૨૦૨૬થી વધુ ૧૧ માસ માટે એટલે કે તા.૩૦.૦૬.૨૦૨૬ સુધી માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. આ આઉટસોર્સીંગ સ્ટાફને લઘુત્તમ વેતનધારા અધિનિયમ,૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન જેટલા જ મહેનતાણા ચુકવવાના રહેશે.

૩. ભવિષયમાં આ જગ્યાઓની આઉટસોર્સ સેવાઓ મેળવવાની જરૂરિયાત જણાય તો તે મુદ્દત પૂર્ણ થયાના ૦૨ માસ અગાઉ નિયામકશ્રી(મહિલા કલ્યાણ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીએ દરખાસ્ત કરવાની રહેશે.

આ ઠરાવ સમાન ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૧.૦૯.૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુ.જી. ચાવડા)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(મ.બા.વિ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી(મહિલા કલ્યાણ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ.

Signature Not Verified

Signed by:Urvashi G Chavda
Section Officer
Date:2026.09.16
15:00:12 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign